ગાંધીનગર સમાચાર

તા. ૪-૪-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### જય હનુમાન જ્ઞાન-ગુણ સાગર...

હનુમાન આમ તો જાગતા જોગંદર છે. એવું ભાગ્યે જ કોઇ ગામ મળશે જેના પાદરમાં હનુમાનની દેરી ન હોય. બીજા દેવો કરતાં આ વાનરદેવ જુદા એ રીતે પડે છે કે એ સેવાધર્મી દેવ છે. એમને પોતાને માટે કશું જ જોઇતું નથી. આકડાનાં ફૂલ તે કોઇ સુગંધીદાર ફૂલો છે? બધાએ ટાળ્યાં એને હનુમાને સ્વીકાર્યા. તેલ અને સિંદૂરથી લથપથ હનુમાન વિશેની પેલી ઉક્તિ બહુ જ જાણીતી છે -

કહા કહેં કિરતારકું - પ્રારબ્ધ કા ખેલ,
વિભીષણ કું રાજ દિયા - હનુમાન કો તેલ!

પરંતુ હનુમાનને જયારે મોતીની માળા આપી ત્યારે એમણે તો એનો એક એક મણકો તોડી તોડીને ફેંકી દીધેલો. એમાં રામ અને સીતા કયાં દેખાતાં હતાં? હનુમાનને તો બસ, એમનાં આરાધ્ય સિયારામ જ ખપે. સેવાધર્મના આ પ્રતીક દેવતા પાછા 'બુદ્ધિમતાં વરિષ્ઠ' છે, એમને વાલ્મિકી કરતાં વધુ લાડ તુલસીદાસે લડવી જાણ્યા છે. એ સંગીતજ્ઞ છે અને નૃત્યપારંગત છે. રાજનીતિજ્ઞ તો ખરા જ. અમથા 'સંકટમોચન' થોડા કહેવાયા હશે? ભગવાન રામ તેમને 'તુમ મમ પ્રિય ભરતસમ ભાઇ' કહી છાતીસરસા ચાંપે છે અને જાનકીમાતા એમને 'અષ્ટ સિદ્ધિ - નવ નિધિ' ના દાતા બનાવે છે. આવા હનુમાનજી પાછા મૃત્યુજંય છે - અમર છે. એટલે સ્તો એ બોલાવ્યા બોલ દઇ ભક્તજનોની વહારે દોડી આવે છે. ભગવાન સ્વામિનારાયણથી લઇ મોરારિબાપુ સુધીનાં સિદ્ધ સંતોએ હનુમાનજીની ઉપાસના કરી છે. સાળંગપુરના હનુમાન હોય કે તલગાજરડાનાં : હનુમાન તો હનુમાન જ છે. હનુમાન મિલિટરી કેમ્પમાં પણ પરચા પૂરી શકે. હનુમાને છેલ્લાં કેટલાંય વર્ષો દરમિયાન ગુજરાતી અસ્મિતાના મંચ પર આરુઢ થઇ નવી ભાતના ચમત્કાર સર્જ્યા છે. મોરારિ બાપુને ખભે બેસાડીને હનુમાનજી દેશવિદેશમાં રામકથાની ધૂમ મચાવતા રહ્યા છે. એમના સન્માનમાં બાપુ હનુમાન જયંતીના દિવસે શ્રેષ્ઠ કલાકારોનું બહુમાન કરીને આગવું દૃષ્ટાંત પુરું પાડતાં રહ્યા છે. અસ્મિતા પર્વ - ૧૮ની પૂર્ણાહૂતિ પ્રસંગે બાપુ પાછા કોઇ વિશિષ્ટ સંદેશ પણ આપશે. એક સંત દ્વારા ગુજરાતી સાહિત્ય, કળા અને ધર્મનો ત્રિવેણીસંગમ રચવાનો આ કાર્યક્રમ એ આપણી નવી પેઢી માટે વરદાનરુપ છે. બાપુએ અસ્મિતા પર્વ ઉપરાંત સંસ્કૃતપર્વ, સદ્‌ભાવના પર્વ વગેરે અવનવાં પર્વો યોજી ગુજરાતી પ્રજાને ઉપકૃત કરી છે. હનુમાન તો મૃત્યુંજય છે જ, બાપુ પણ શતાયુ બનો અને એમણે આરંભેલી પરંપરા નિરંતર ચાલતી રહે ('શો મસ્ટ ગો ઓન'!) એવી શુભેચ્છા પાઠવીએ. હનુમાનજીની કૃપા હશે તો કશું જ અશક્ય નથી.

# જેઈઈ-મેઈનની ઓનલાઈન પરીક્ષા આજે લેવામાં આવશે

## ૧૦-૧૧ એપ્રિલ દરમિયાન ઓફલાઈન પરીક્ષા લેવાશે

અમદાવાદ, તા.૩

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી દેશની ટોચથી આઈઆઈટી અને એન્જિન્યરીંગ કોલેજોમાં પ્રવેશ માટે મહત્વપૂર્ણ માનવામાં આવતી જેઈઈ-મેઈન્સની ઓનલાઈન પરીક્ષા લેવામાં આવશે ત્યાર બાદ ૧૦ અને ૧૧ એપ્રિલ દરમ્યાન ઓફલાઈન પરીક્ષા લેવામાં આવશે. આ જેઈઈ-મેઈન્સની પરીક્ષામાં સફળ રહેનાર ૧.૫ લાખ ઉમેદવારોને જેઈઈ-એડવાન્સની પરીક્ષા આપવાની તક મળશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષા પૂર્ણ થતાની સાથેજ હવે એન્જિનિયરીંગ, મેડિકલ જેવા અભ્યાસક્રમમોમાં પ્રવેશ મેળવવા માટેની પ્રવેશ પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. જેની શરૂઆત આવતીકાલે લેવાનાર જોઈન્ટ એન્ટ્રસ એકઝામ (જેઈઈ-મેઈન)થી થઈ રહ્યો છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી દેશની ટોચની આઈઆઈટી કોલેજો તેમજ એન્જિન્યરીંગ અભ્યાસક્રમનાં પ્રવેશ મેળવવા માટે જેઈઈ-મેઈન્સની પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે. આ પરીક્ષા અમદાવાદ સહીત દેશના અલગ અલગ સેન્ટર ખાતે બે તબક્કામાં લેવામાં આવશે. જેમાં પ્રથમ તબકાકમાં આવતીકાલે જેઈઈ-મેઈન્સની ઓનલાઈન પરીક્ષા લેવામાં આવશે જ્યારે આગામી ૧૦ અને ૧૧ એપ્રિલ દરમિયાન જેઈઈની ઓફલાઈન પરીક્ષા લેવામાં આવશે આવતીકાલે લેવાનાર જેઈઈ-મેઈન્સની ઓનલાઈન પરીક્ષામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના એસ્ટ્રીમના રાજયના ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા લેવાશે ઉલ્લેખનીય છે કે, જેઈઈ-મેઈન્સની પરીક્ષામાં સફળ રહેનાર દેશભરનાં ૧.૫ લાખ વિદ્યાર્થીઓને આગામી ૨૪મે ના રોજ લેવાનાર જેઈઈની એડવાન્સ આપવાની તક આપવામાં આવે છે. આ પરીક્ષામાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને મેથ્સના પ્રશ્નો પૂછવામાં આવશે આ પરીક્ષાનું આયોજન આઈ આઈ ટી ખડપૂર દ્વારા કરવામાં આવે છે.





ચિલોડા સ્થિત ઓમ લેન્ડમાર્ક સ્કુલમાં ઝણકાર વાર્ષિકોત્સવ યોજાયો હતો. શાળાના વિદ્યાર્થીઓએ ડાન્સ, કરાટે, રોપ-જંપ, ગરબો, નાટક, સ્પિચ જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી સ્ટેજ ડોલાવ્યું હતું.

# બે વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ નર્સ પ્રેક્ટિશનર માટે કોર્સ શરૂ થશે

અમદાવાદ, તા.૩

દેશમાં ડોક્ટરોની અછતને ધ્યાનમાં રાખીને નર્સિંગ કોલેજોમાં બે વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ નર્સ પ્રેક્ટિશનરનો અભ્યાસક્રમ ચલાવવા માટે મંજૂરી આપી દેવામાં આવી છે આ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓ આગામી શૈક્ષણીક સત્રથી પ્રવેશ મેળવી શકશે.

અત્યારે દેશમાં છ લાખ કરતાં વધુ ડોક્ટરોની અછત છે તેમાંય ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં સ્થિતિ કફોડી બનવા પામી છે ત્યારે હવે ડોક્ટરોની ગેરહાજરીમાં આરોગ્ય નિષ્ણાંત તરીકે સેવા આપી શકે તેવી નર્સો તૈયાર કરવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા બે વર્ષનાં પોસ્ટ ગ્રેજ્યુએટ નર્સ પ્રેક્ટિશનરનાં અભ્યાસક્રમને મંજૂરી આપી દેવા આવી છે.

નર્સિંગ કાઉન્સીલ ઓફ ચેરમેનના જણાવ્યા મુજબ આ અભ્યસક્રમ આગામી શૈક્ષણીક સત્રથી લાગુ કરી દેવામાં આવશે. આ માટે તૈયારી કરવાની સુચના તમામ નર્સિંગ કોલેજોને આપી દેવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે આ અભ્યાસક્રમ દ્વારા તૈયાર થનાર નર્સો પ્રાથમિક સારવારમાં ડોક્ટરોનો વિકલ્પ બની શકશે બિમારી અંગે ટેસ્ટ કરાવી શકશે તેમજ ડોક્ટરોની ગેરહાજરીમાં નાન-મોટા ઓપરેશન પણ કરવાની ક્ષમતા ધરાવતી હશે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી દેશમાં આ એ ના એ મ, જી એ ના એ ન, બીએસસી નસીંગ, એમએમસી નર્સિંગના અભ્યાસક્રમ ચાલુ છે. જેનાથી નર્સને માત્ર ફિગિજ શિવનનાં માગદર્શન હેઠળ દર્દીની દેખરેખ રાખવાનું કામ સોપવામાં આવે છે.

આરોગ્ય સંબધી કોઈપણ નિર્ણય માટે તેણે ફિઝીસિવના દિશાનિર્દેશની જરૂર પડે છે જો કે આ નવા નર્સપ્રેક્ટિશનર અભ્યાસક્રમ પૂર્ણ કરનાર નર્સોને ડોક્ટરના વિકલ્પ તરીકે કામ કરવાની મંજૂરી આપવામાં આવશે એટલે કે આ નર્સો દર્દીના ચેકઅપથી મોડી તેના મેડીકલ ટેસ્ટ તેમજ નાના-મોટા ઓપરેશન સુધીની કામગીરી કરી શકાશે.

## બ્રહ્મસમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે પ્રવેશ ફોર્મની તારીખ લંબાવાઈ

ગાંધીનગર, તા.૩

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા છઠ્ઠો જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવશે. પસંદગી સંમેલન આગામી તા. ૨૪ મે, ૨૦૧૫, રવિવારના રોજ યોજાશે. બ્રહ્મસમાજના લગ્નોત્સુક યુવક યુવતિઓએ તા. ૨૫ એપ્રિલ દરમિયાન પ્રવેશ ફોર્મ ભરી સેકટર-૧૬ બ્રહ્મસમાજ કાર્યાલય ખાતેથી મેળવી પરત કરવાના રહેશે. ઉલ્લેખનીય છે કે અગાઉ ફોર્મ પરત કરવાની તા. ૩૧ માર્ચ હતી જે બ્રહ્મપરિવારોના આગ્રહથી લંબાવવામાં આવી છે.

# પરીક્ષા યોજાયાના ૩૦ દિનમાં પરિણામ જાહેર કરવા તાકિદ

## પરિણામ જાહેર થયાના ૧૫ દિવસમાં માર્કશીટ આપવા માટે સૂચન કરાયું : પરિણામમાં વિલંબ થતાં આખરે હુકમ

અમદાવાદ, તા.૩

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન તમામ અભ્યાસક્રમમાં પરીક્ષા લેવાયા બાદ પરીણામ મોડા જાહેર થતા હોવા અંગે ફરીયાદો ઉઠવા પામી હતી. જેના પગલે શિક્ષણ વિભાગે પરીક્ષા લીધાના ૩૦ દિવસમાં પરિણામ જાહેર કરવા અને પરિણામ જાહેર કર્યાના ૧૫ દિવસમાં માર્કસીટ આપી દેવા માટે જીટીયુને સુચન કર્યૂં છે.

પ્રાપ્ત થતી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા રાજયમાં એન્જિન્યરીંગ, ફાર્મસી, એબીએ-એમસીએ સહિતના અભ્યાસક્રમની કોલેજોનું સંચાલન કરવામાં આવે છે જો કે જીટીયુ દ્વારા આ અભ્યાસક્રમોની પરીક્ષા લીધા બાદ તેના પરિણામ જાહેર કરવામાં વિલંભ થાય છે. જેના કારણે અભ્યાસક્રમ પૂરો થયા બાદ અન્ય ઉચ્ચ અભ્યાસક્રમ પ્રવેશ મેળવવા માટે કે નોકરી મેળવતા સમયે સર્ટી રજૂ કરવામાં સમસ્યાનો સમનો કરવો પડે છે. આ અંગે વિદ્યાર્થી સંગઠન દ્વારા રાજયસરકારના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમા સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેનાં અંતે તપાસ કર્યા બાદ રજૂઆતો સાચૂ હોવાનું શિક્ષણ વિભાગના ધ્યાનમાં આવ્યું છે. જેના પગલે શિક્ષણ વિભાગ દ્વારા જીટીયુને પરિપત્ર પાઠવીને કોઈપણ અભ્યાસક્રમની પરીક્ષા લીધા બાદ ૩૦ દિવસમાં પરીણામ જાહેર કરી દેવાનું તેમજ પરિણામ જાહેર કર્યાના ૧૫ દિવસમાં વિદ્યાર્થીઓને માર્કસીટ મળી જાય તેવી વ્યવસ્થા કરવા માટે સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને ટ્રાન્સકીપ્ટ, એલિજિબિલીટી અને માઈગ્રેશન સર્ટી પણ વિદ્યાર્થીઓને વહેલામાં વહેલી તકે આપી દેવાની સૂચના પણ શિક્ષણ વિભાગ દ્વારા જીટીયુ રજીસ્ટ્રારને આપવા આવી છે. ઉલ્લેખનીય છે કે જીટીયુમાં વિદ્યાર્થી દ્વારા વિવિધ સર્ટી માટે અરજી કર્યા બાદ લાંબા સમય સુધી સર્ટી ન મળતુ હોવાની અને સર્ટી સામે વારંવાર ધક્કાખાવા પડતા હોવાની ફરીયાદો પણ ઉઠવા પામી છે.

# રવિવારે રાજ્ય કર્મચારી-અધિકારી હોદ્દેદારોનું મહાઅધિવેશન યોજાશે

## કર્મચારી સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલનો નિવૃત્ત સન્માન સમારંભ પણ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિ દ્વારા તા. ૫મી એપ્રિલ રવિવારે સવારે ૮ કલાકે ગાંધીનગરના ટાઉનહોલમાં રાજ્ય સરકારના કર્મચારી-અધિકારી હોદ્દેદારોનું મહાઅધિવેશન યોજાશે. આ મહા અધિવેશનમાં રાજ્યના મુખ્ય સચિવ ડી.જે. પાંડીયન મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ સાથે યોજાનાર રાજ્યના વિવિધ કર્મચારી-અધિકારી સંઘોના હોદ્દેદારોના મહા અધિવેશનનું ઉદ્‌ઘાટન પણ ડી.જે. પાંડીયનના હસ્તે કરવામાં આવશે.

અધિવેશનમાં કર્મચારી સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ સરકારી સેવામાંથી વય નિવૃત્ત થતાં હોવાથી તેમનો સન્માન સમારંભ પણ યોજાશે. અધિવેશનમાં રાજ્યના કર્મચારી-અધિકારી હોદ્દેદારો તેમજ સચિવાલયના કર્મચારી-અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

## હરિની દૃષ્ટિ...




હે દાદા હવે અમે પાતરા છોડી પીઝા ખાવા લાગ્યા છીએ તો દાદા, તમે પણ હવે મલીદાની જગ્યાએ આ વખતે કેક પર આવો !! પ્રભુ

# સરકારી વિનયન કોલેજના વિદ્યાર્થીઓ વૃધ્ધાશ્રમની મુલાકાતે

ગાંધીનગર, તા. ૩

સરકારી વિનયન કોલેજના એમ.એ. પાર્ટ-૨ના સાયકોલોજી વિભાગના વિદ્યાર્થીઓએ સેક્ટર-૬ ખાતે આવેલા ક્રિષ્ના વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી.

સ્વૈચ્છિક સંસ્થાની મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ વયસ્કો સાથે પ્રશ્નોત્તરી કરી હતી. તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો. સંચાલકશ્રી રાજેશભાઈ ભટ્ટે સંસ્થાની માહિતી-પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા બિસ્કીટનું વિતરણ કરાયું હતું. વડીલોના આશીર્વાદ મેળવ્યા હતા. સંસ્થાની મુલાકાતનું સમગ્ર આયોજન પ્રા. સોનલ મોદીએ કરેલ હતું. સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી પ્રા. રાહુલભાઈ ભટ્ટ સાથે રહીને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

# ખમાર જ્ઞાતિ મહામંડળનો વડીલ વંદના મિલનોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૩

સાંપ્રત સમયમાં માતા પિતા લાકડીના ટેકે ચાલતા થાય એટલે વૃધ્ધાશ્રમનો દરવાજો કળીયુગના શ્રવણો દ્વારા બતાવવામાં આવે છે. અખિલ ખમાર જ્ઞાતિ મંડળે આ વિચારધારા વિરૂદ્ધ જ્ઞાતિના વડીલો માટે વડીલ વંદના મિલનોત્સવનું આયોજન કર્યું છે.

પાનખરની પાંખે બેઠેલા અને આનંદની પળોનો ઉમંગ કરતા વડીલો માટે આગામી ૫ એપ્રિલ રવિવાર સવારે ૯-૦૦ વાગે સેકટર-૨૩ સ્થિત ખિમજી વિસરામ હોલ ખાતે શ્રી અખિલ ખમાર જ્ઞાતિ મહામંડળ દ્વારા સમાજ શ્રેષ્ઠી સ્વ. રમણલાલ નાનચંદ ખમાર, વડીલ વંદના મિલનોત્સવ યોજાશે.

સમારોહમાં સમાજના વડીલો જેમણે ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે તેમજ જીવનના સફરમાં જીવનસાથીની સાથે પચાસ વર્ષ પૂર્ણ કરનાર દંપતિઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે સ્વામિ નિખિલેશ્વરાનંદજી, રાજયના પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરી, ગુજરાત સમાચારના કટાર લેખક ડૉ. મુકુંદ મહેતા, જ્ઞાતિ મહામંડળના ટ્રસ્ટી બંસીભાઈ ખમાર, ડૉ. કનુભાઈ પટેલ, પ્રેમિલાબેન ખમાર ઉપસ્થિત રહેશે.

# આજે ટાગોર હોલ ખાતે શબ્દાંજલિ સમારોહ

ગાંધીનગર, તા.૩

બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે શબ્દાંજલિ સમારોહ યોજાશે. 'સામાજિક ક્રાંતિના મહાનાયક ડૉ. બાબા સાહેબ આંબેડકર' પુસ્તક લોકાર્પણ કરવામાં આવશે.

સંવેદના પબ્લિકેશન દ્વારા અમદાવાદ પાલડી સ્થિત ટાગોર હોલ ખાતે આજ રોજ શનિવાર સાંજે ૪.૩૦ કલાકે કાર્યક્રમ યોજાશે. સમારોહમાં અધ્યક્ષ તરીકે ગુજરાતના ગર્વનર ઓ.પી. કોહલી ઉપસ્થિત રહેશે. તેમજ લેખક ગુણવંત શાહ, શંભુનાથ મહારાજ, ગાદિપતિ ઝાંઝરકા અને રમણલાલ વોરા-મંત્રી ગુજરાત સરકાર ઉપસ્થિત રહેશે.

# માણસા આનંદીમાનો વડલો ખાતે મફત ચામડી રોગનો નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૩

શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાનો વડલો અને માં વિધ્નેશ્વરી ધામ માણસા ખાતે સડસઠમાં નિ:શુલ્ક ચામડીના રોગનો નિદાન કેમ્પ યોજાશે. અહીંયા દર મહિનાના પ્રથમ રવિવારે મફત નિદાન કેમ્પ યોજવામાં આવે છે ત્યારે આગામી ૫ માર્ચ રવિવાર બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન કેમ્પ યોજાશે. અમદાવાદના ચામડીના નિષ્ણાત ડો. ગૌરવ બી. પટેલ માનદ સેવા આપશે. માણસા અને આજુ બાજુના ગામના ચામડીના દર્દીઓને કમ્પનો લાભ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# આંતરિક લોકશાહીનો અર્થ એ કરી શકાય કે; પક્ષનાં અમુક ફોરમમાં અમુક પ્રકારની ચર્ચા કરી શકાય અને અભિપ્રાયો આપી શકાય અને શિરસ્થ નેતાગીરીને પક્ષના હિતમાં યોગ્ય લાગે તેવાં સૂચનોનો જ અમલ કરી શકાય

## પ્રસંગસર
## રાજકારણ અને પારદર્શકતા

છબાભાઇ પટેલ

રાજકીય ક્ષેત્રની ક્ષિતિજે નવી નવી ઉદય પામેલી 'આમ આદમી પાર્ટી હજુ તો ભાંખોડિયાં ભરે છે. તેણે ભારતીય રાજકારણમાં પ્રજાની અપેક્ષઓ સતોષાય તેવી વ્યાપક આશાઓનો જનમાનસમાં વ્યાજબીપણે જન્મ આપ્યો. આમ આદમી પક્ષના મુખિયા અરવિંદ કેજરીવાલની ભાવના અને ઈરાદાઓ અંગે પ્રજામાં ભાગ્યેજ કોઈને શંકા હશે. તે પક્ષની સરકારે શક્ય એટલું કરવા પ્રયત્નો શરૂ કરી દીધા અને પ્રજાની અપેક્ષાઓ મોટે ભાગે સંતોષાય તેવી લાગણી પ્રવર્તે છે; ત્યારે જ તે પાર્ટી આંતરિક મતભેદો અને ખેંચતાણનો ભોગ બનતી જણાય છે.

પાર્ટીના કહેવાતા બૌદ્ધિકો અને વિચારકોએ જાણે કે પાર્ટી પર હાવી થઈને તેઓ કહે તે પ્રમાણે જ પાર્ટીનું સંચાલન થાય તેવાં ત્રાગાં શરૂ કરી દીધાં. પોતાની જ સરકાર સરળતાથી કામ ન કરી શકે તેવાં ધાંધિયાં કરવામા તે બધા આનંદ અનુભવતા હોય તેવી લાગણી ઉદ્ભવે છે.

આવા અસંતોષી લોકોની માગણીમાં આંતરિક લોકશાહી અને આંતરિક લોકપાલ જેવા મુદ્દાઓ સામેલ છે. મારી દ્રષ્ટિએ આ બધું તદન ગેરવ્યાજબી છે; આ બધા વિચારવાન અસંતોષીઓમાં બૌદ્ધિક ક્ષમતા હશે પણ રાજકીય સમજ અને રાજકારણના આટાપાટાઓની સમજનો અભાવ તદન સ્પષ્ટ જણાય છે. કોઈપણ સરકાર કે રાજકીયપક્ષનું સંચાલન સંપૂર્ણપણે આંતરિક લોકશાહીથી ચાલી શકે જ નહિ. જે કોઈ રાજકીયપક્ષ આવી વ્યવસ્થા અમલમાં મૂકે તો તે રાજકીય દષ્ટિએ તેની અપરિપક્વતા જ ગણાય.

રાજયવ્યવસ્થાના અમુક સ્પષ્ટ સિદ્ધાંતો કે અજમાવેલી માન્યતાઓ સદીઓથી પ્રચલિત છે. તેમાં મુખ્યત્વે નેતાની સલામતી, નેતા(રાજા)નો દંભ (પોતે જે હોય તેનાથી પ્રજા આગળ અલગ અને મહાત્મા જેવા દેખાવું), જૂઠ, પ્રજાને ઉત્સવો ઉજવીને તેને અન્ય સળગતા મુદ્દાઓ પર વિચારવાનો સમય ન આપવો, પોતાના વફાદારોને થોડા થોડા ફાયદાઓ પહોંચાડવા, પોતાનો જીવ અને પોતાની સત્તા કોઈ પણ ભોગે જાળવી રાખવાં, પ્રજામાં અને વિરોધીઓમાં સામ, દામ, દંડ અને ભેદથી ભાગલા પાડવા, વિરોધીઓનાં છિદ્રોને ખુલ્લાં પાડી તેનાં પ્રજામાં ઢોલ પિટીને પ્રજાને વિરોધીઓથી દૂર રાખવી, આ બધી તેમજ બીજી અનેક રાજકારણની પાયાની બાબતો છે; જે આમ આદમી પાર્ટીના કહેવાતા વિચારકો ક્યાંતો જાણતા નથી અથવા તો જાણતા હોય તોપણ પોતાની છૂપી મહત્વાકાંક્ષાઓને અંજામ આપવા પાર્ટીના બાળમરણના પ્રયત્નો કરતા હોય તેમ જણાય છે. તેઓનો ઈરાદો જાણે કે 'હું મરું પણ તને પણ જીવવા ન દઉં જેવો જણાય છે. જો કે રાજકારણનો એક બીજો સિદ્ધાંત છે કે, બીજાને સત્તાવાન બનાવનાર પોતાની સત્તા ગુમાવે છે. કદાચ આ બધા વિરોધીઓને પોતાના સ્વાર્થ ખાતર આ એક મુદ્દાનો જ ખ્યાલ હોય તેવુ જણાય છે.

કોઈ પણ પક્ષમાં સંપૂર્ણ આતરિક લોકશાહી ક્યારેય શક્ય ન બને. અરે! એક ઘરમાં પણ સપૂર્ણ આંતરિક લોકશાહી શક્ય નથી. તેવી આતરિક લોકશાહી પોતાના ઘરનાં બધાં જ છિદ્રો જાહેરમાં લાવે અને વિરોધીઓને તેનો ગેરલાભ લઈને ઘરની બેઈજ્જતિ કે પડતી થાય તેવા પ્રયત્નો કરવાનુ આસાન હથિયાર ઉપલબ્ધ કરાવે. માટે ઘરમાં પણ અમુક બાબતો ખુલ્લંખુલ્લા ક્યારેય ચર્ચી ન શકાય કે જાહેર પણ ન કરી શકાય, એ સામાન્ય સમજણની વાત છે.

કોઈ એકજ પક્ષના લોકો પોતાના જ પક્ષમાં સંપૂર્ણ આંતરિક લોકશાહીની વાતો કરે અને તેનો અમલ કરાવે તો, તે જાતે જ પોતાના પક્ષની ખાનગી માહિતી જાહેરમાં મૂકીને બીજા અન્ય પક્ષોને તેના પર હૂમલા કરી તેને નિર્બળ બનાવવા માટે સામેથી આમંત્રણ આપે છે અને પોતાના પક્ષનું અલ્પાયુષ્ય પોતે સ્વેચ્છાએ સ્વીકારે છે. પક્ષની અમુક બાબતો એવી હોય કે તે ક્યારેય જાહેર કરી ન જ શકાય. એવું કરવાનો પ્રયત્ન કરવો એ એકજાતની મૂરખામી જ છે. વર્ષોથી જે પક્ષો સ્થપાયા છે, તે પક્ષોમાં કોઈએ સંપૂર્ણ આંતરિક લોકશાહીનો અમલ કર્યો નથી. બધા જ પક્ષોમાં કહેવાતી આતરિક લોકશાહી જ હોય છે; બાકી તો જે મૂખ્ય નેતા હોય તેની ઈચ્છા અને માર્ગદર્શનને આધીન થઈને જ દરેકે કાર્ય કરવું પડે છે.

હા, આંતરિક લોકશાહીનો અર્થ એ કરી શકાય કે; પક્ષનાં અમુક ફોરમમાં અમુક પ્રકારની ચર્ચા કરી શકાય અને અભિપ્રાયો આપી શકાય અને શિરસ્થ નેતાગીરીને પક્ષના હિતમાં યોગ્ય લાગે તેવાં સૂચનોનો જ અમલ કરી શકાય. દરેકની ઈચ્છાઓનો અમલ ક્યારેય થઈ શકે નહિ. એમ કરવા જતાં પક્ષમાં અત્યંત ગેરવ્યવસ્થા અને કલહ પેદા થાય અને જે તે પક્ષનું અવશ્ય વિસર્જન થાય.

આવા અસંતુષ્ટોએ ચાણક્ય, વિદુર, ભીષ્મ, કણિક તેમજ ઈટાલીના મેકીયાવેલી વગેરેની રાજનીતિ વાંચવા જેવી છે.

આશા રાખીએ કે રાજકારણના આ બધા અભણ બૌદ્ધિકોને ભગવાન સદ્‌બુદ્ધિ આપે.